
GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, કિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક
સ્વીચ લગાવો
જે મોટર ને
ઓટોમેટીક
ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ નોમ મંગળવાર ૩ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

આંધ્ર-તમિલનાડુ અને ઓડિશામાં 'ચક્રવાત મુરુસુ'નું સંકટ

હજારોનું સ્થળાંતર, અનેક ફ્લાઇટો રદ, આજે નેલ્લોર અને નરસાસુર વચ્ચે ત્રાટકવાની સંભાવના.

આંધ્ર કાંઠા તરફ ધસી રહેલા મુરુસુ વાવાઝોડાની અસરથી તમિલનાડુમાં ભારે વરસાદ, ઓડિશામાં પણ ભારે વરસાદની વકી

ઓડિશા, આંધ્રપ્રદેશમાં હજારો લોકોને સલામત સ્થળે ખસેડાયા.

અમરાવતી/ચેન્નાઈ/ભુવનેશ્વર, તા.2 (PTI): ભારતના પૂર્વ તટીય રાજ્યોમાં ભારે વરસાદ ખાબક્યો છે, જેઓ સોમવારે એક જ અઠવાડિયામાં બીજા ગંભીર ચક્રવાતનો સામનો કરવા માટે સજ્જ થઈ રહ્યા છે. આ વાવાઝોડાને કારણે અનેક ઉડ્ડયનો રદ કરવામાં આવ્યા છે, આપત્તિ રાહત ટીમોને એલર્ટ પર રાખવામાં આવી છે અને હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

'યુદ્ધના નગારા' એવો અર્થ ધરાવતા 'ચક્રવાત મુરુસુ'ના સોમવાર મધરાતથી મંગળવાર વહેલી સવાર વચ્ચે ૧૦૦-૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપ સાથે દક્ષિણ આંધ્રપ્રદેશમાં નેલ્લોર અને નરસાસુર વચ્ચે ત્રાટકવાની સંભાવના છે જેમાં પવનનો વેગ કલાકના ૧૨૦ કિમી સુધી પણ જઈ શકે છે. સોમવારે આંધ્રપ્રદેશના વિજયવાડા, તિરુપતિ અને વિશાખાપટ્ટનમ એરપોર્ટ પર ઓછામાં ઓછી ૧૯ ડોમેસ્ટિક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. આમાંથી, ઇન્ડિગોએ વિજયવાડા એરપોર્ટ પર ૧૦ અને એર ઇન્ડિયા એક્સપ્રેસે બે ફ્લાઇટ્સ રદ કરી હતી. વિશાખાપટ્ટનમ એરપોર્ટે ચાર અને તિરુપતિ એરપોર્ટે ત્રણ ફ્લાઇટ્સ રદ કરી હતી.

આગામી ગંભીર ચક્રવાતે ઉત્તર તમિલનાડુમાં ભારે વરસાદ વરસાવ્યો છે, જેના કારણે ચેન્નાઈના અનેક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. હવામાન વિભાગ દ્વારા ખૂબ જ ભારે વરસાદની આગાહી કરવામાં આવતા સત્તાવાળાઓએ સોમવારે ચેન્નાઈમાં શાળાઓ માટે રજા જાહેર કરી હતી. ચેન્નાઈ એરપોર્ટના સત્તાવાળાઓએ કેટલીક ફ્લાઇટ્સ રદ કરી છે અને મુસાફરોને સહાયતા માટે સંબંધિત એરલાઇનનો સંપર્ક કરવા વિનંતી કરી છે.

ચક્રવાત દક્ષિણ આંધ્રપ્રદેશના તટીય વિસ્તાર તરફ આગળ વધી રહ્યું હોવાથી, રવિવાર રાતથી ચેન્નાઈ, ચેંગલપટ્ટુ અને તિરુવલ્લુર જિલ્લાના ઘણા ભાગોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે ચેન્નાઈ અને તિરુવલ્લુર જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદનું જોખમ યથાવત રહેવાની ચેતવણી આપી છે. ઓડિશાએ

...અનુસંધાન પાના 15 પર



■ થાઈલેન્ડના બેંગકોકમાં ચાઓ પ્રયા નદી પર રોયલ બાર્જ સરઘસ માટેની કુલ ડ્રેસ રિહર્સલ દરમિયાન નાવિકો 'નારાઈ સોંગ સુબાન' શાહી નૌકા ચલાવી રહ્યા છે, શુક્રવારે યોજાનાર સદીઓ જૂની થાઈ રાજવી પરંપરાની તૈયારી કરવામાં બે હજારથી વધુ નાવિકોએ મહિનાઓ વિતાવ્યા છે. આ ઉજવણીમાં અનેક શણગારેલી બાર્જ નૌકાઓ ભાગ લે છે. આ રોયલ બાર્જ સરઘસ વાર્ષિક બૌદ્ધ કાથીન સમારોહના પ્રસંગે યોજવામાં આવે છે, જે બૌદ્ધ વર્ષાઋતુના અંત પછી યોજાય છે. .આ કાફલો, જેમાં કુલ 52 જહાજોનો સમાવેશ થાય છે. રાજ મહાવજિરાલોંગકોર્ન, રાણી સુથિદા અને રાજપરિવારના સભ્યોને વાટ અરુણ રાચવારારામ મંદિરે લઈ જશે. રોયલ થાઈ નેવીના 2,200 નાવિકોએ જૂનમાં તેમની તાલીમ શરૂ કરી હતી, જેમાં હોડીઓને એકસૂત્રતાથી ચલાવવાની બાબતનો સમાવેશ થાય છે.

દિલ્હીમાં હવા વધુ પ્રદૂષિત થતાં AQI 324 પર પહોંચ્યો, GRAP સ્ટેજ-II લાગુ

તાપમાન ઘટતાં અને પવનની સ્થિતિ નબળી પડતાં વાયુ ગુણવત્તા લથડી

સમગ્ર એનસીઆરમાં પાર્કિંગ ચાર્જ વધારવા સહિતના નિયંત્રણો અમલી

નવી દિલ્હી, તા. 2 (PTI): રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સોમવારે હવાની ગુણવત્તા વધુ કથળીને 'અતિ નબળી' શ્રેણીમાં પહોંચી ગઈ હતી. સાંજે 4 વાગ્યા સુધીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) વધીને 324 નોંધાયો હતો, જેને પગલે સત્તાવાળાઓએ સમગ્ર દિલ્હી-એનસીઆરમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (જીઆરએપી) હેઠળ સ્ટેજ-IIના કડક નિયંત્રણો લાગુ કરવાનો આદેશ આપ્યો છે.

કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (સીએક્યુએમ)ના જણાવ્યા અનુસાર, ચાલુ સીઝનમાં પહેલીવાર એક્યુઆઈ આટલો નબળો નોંધાયો છે. 31 ઓક્ટોબરે એક્યુઆઈ 117 (મધ્યમ) હતો, જે 1 નવેમ્બરે વધીને 261 (ખરાબ) અને સોમવારે 324 (અતિ નબળી સ્થિતિ) પર પહોંચી ગયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં પણ વાયુ ગુણવત્તા 'અતિ નબળી' શ્રેણીમાં જ રહેવાની શક્યતા છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટે સમગ્ર એનસીઆરમાં તાત્કાલિક અસરથી સખત જીઆરએપી સ્ટેજ-IIના પગલાં લાગુ કર્યા છે. આ તબક્કા હેઠળ ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડવા માટે પાર્કિંગ ચાર્જ વધારવા સહિત સ્ટેજ-Iની સાથે વધારાના પ્રદૂષણ નિયંત્રણ આદેશો કડક રીતે અમલમાં મુકાશે. દરમિયાન, દિલ્હીના મુખ્ય સફદરજંગ હવામાન મથકે મહત્તમ તાપમાન 29.5 ડિગ્રી સેલ્સિયસ (સામાન્ય કરતાં 1 ડિગ્રી ઓછું) અને લઘુત્તમ તાપમાન 16.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ

...અનુસંધાન પાના 15 પર

દિલ્હી ડાયરી



રામલીલા મેદાનમાં ઇન્ડિયા બ્લોકનો મહામેળાવડો

દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે કોંગ્રેસની આગેવાની હેઠળના ઇન્ડિયા બ્લોક દ્વારા આયોજિત રેલીમાં લોકોની ભારે ભીડ પરંપરાગત અને આધુનિક યુગના પ્રતીકોનો સમન્વય દર્શાવતા અનોખા દ્રશ્યો જોવા મળ્યા હતા. બેટમેન પણ આવ્યો અને સ્પાઇડરમેન પણ. ત્યાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને જોવાની ઉત્સુકતા ધરાવતો એક 2 વર્ષનો બાળક હતો, તો બિહારના એક 93 વર્ષના વૃદ્ધ પણ હતા જેઓ 'બંધારણ બચાવવા' આવ્યા હતા. ભગવાન બુદ્ધના સંદેશથી જીવન બદલાતા પહેલા પોતાના શિકાર લોકોની આંગળીઓની માળા પહેરનાર પૌરાણિક ડાકુ અંગુલીમાલનું રૂપ ધારણ કરનાર એક વ્યક્તિ પણ ત્યાં હતો. રવિવારે, તેણે પ્લાસ્ટિકની આંગળીઓની માળા ધારણ કરી હતી - જે એવી આંગળીઓનું પ્રતીક છે જે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) નું બટન દબાવી શકશે નહીં કારણ કે તેમના માલિકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા. લોકોની એક લાંબી શૃંખલાએ ઓછામાં ઓછું અડધો કિલોમીટર લાંબુ કાપડનું બેનર પકડી રાખ્યું હતું, જેના પર 90 લાખ રદ થયેલા મતદારોના નામ લખેલા હતા. અયોધ્યા મંદિરના દાનની ચોરી તેમજ 'વોટ ચોરી'થી નારાજ યુવાનો અને વૃદ્ધો, ખેડૂતો અને સાધુઓ મોટી સંખ્યામાં રેલીમાં એકઠા થયા હતા. ગાંધીને

...અનુસંધાન પાના 15 પર

તા.૦૨-૧૧-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૫.૦° સે.	૨૧.૬° સે.	૩૮%

દિલ્હી-NCRમાં દિવાળી પર ગ્રીન ફટાકડા ફોડવા સુપ્રીમ કોર્ટની મંજૂરી

દિવાળીના આ દિવસો દરમ્યાન સવારે ૬થી ૭ અને રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમ્યાન જ દિલ્હી-એનસીઆરના વિસ્તારોમાં ફટાકડા ફોડી શકાશે

દિલ્હી- રાષ્ટ્રીય રાજધાની પ્રદેશમાં ફટાકડા પરનો સંપૂર્ણ પ્રતિબંધ ૯ નવેમ્બરથી ફરીથી લાગુ થઇ જશે

નવી દિલ્હી, તા. 2 (PTI): દિવાળીના થોડા દિવસો પહેલાં, સુપ્રીમ કોર્ટે ૭ અને ૮ નવેમ્બરે સવારે ૬થી ૭ વાગ્યા દરમિયાન અને રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન દિલ્હી-નેશનલ કેપિટલ રીજન(NCR)માં ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે. આ વર્ષે દિવાળી ૮ નવેમ્બરે છે.

સર્વોચ્ચ અદાલતે દિલ્હી-એનસીઆર(NCR)માં ફટાકડા ફોડવા પર અંકુશ માટેના અગાઉના નિર્દેશો અને સત્તાવાળાઓ દ્વારા લેવાયેલા પગલાંના અમલ ન થવા અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

...અનુસંધાન પાના 15 પર

ફટાકડાના ઉત્પાદકો અને વેપારીઓ માટે પણ સૂચનાઓ જારી

બેન્ચે ફટાકડાના ઉત્પાદકો અને વેપારીઓ અંગે પણ નિર્દેશો જારી કર્યા હતા. તેમાં જણાવવામાં આવ્યું છે કે, "CSIR-NEERI તેમજ PESO (પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ્સ સેફ્ટી ઓર્ગેનિઝેશન) દ્વારા પ્રમાણિત ગ્રીન ફટાકડાનું માન્ય પ્રમાણપત્ર ધરાવતા ફટાકડા અને આતશબાજીના ઉત્પાદકોને ૨ નવેમ્બર, ૨૦૨૬ થી ૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી માત્ર એવા જ ગ્રીન ફટાકડાનું ઉત્પાદન કરવાની મંજૂરી છે જે CSIR-NEERI ની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવ્યા હોય." ટોચની અદાલાતે જણાવ્યું કે ગ્રીન ફટાકડા ધરાવતા બોક્સ સંપૂર્ણપણે સીલબંધ હોવા જોઈએ જેથી તે અનધિકૃત અથવા પરંપરાગત ફટાકડા સાથે ભળી ન જાય. તેણે કહ્યું કે શ્રેણીમાં જોડાયેલા ફટાકડા ('લૂમ') અને હારમાળાઓનું ઉત્પાદન કે વેચાણ કરવામાં આવશે નહીં. બેન્ચે પુનરોચ્ચાર કર્યો કે બેરિયમ ધરાવતા ફટાકડા અને CSIR-NEERI (નેશનલ એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરિંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ) દ્વારા ગ્રીન ફટાકડા તરીકે માન્ય ન હોય તેવા ફટાકડાનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

હોસ્પિટલો, વૃદ્ધાશ્રમો વગેરેની 300 મીટરની ત્રિજ્યામાં ફટાકડા ફોડી શકાશે નહીં

સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો છે કે હોસ્પિટલો, નર્સિંગ હોમ્સ, પ્રાથમિક અને જિલ્લા આરોગ્ય કેન્દ્રો, વૃદ્ધાશ્રમો અને કોઈપણ સૂચિત શાંતિ ક્ષેત્રો (સાઇલન્સ ઝોન)ના 300 મીટરની ત્રિજ્યામાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડવામાં આવશે નહીં. તેણે જણાવ્યું કે આ વિસ્તારોને 'નો-કેકર ઝોન' તરીકે જાહેર કરવામાં આવશે અને તેને જમીન પર ચિહ્નિત કરીને પ્રકાશિત કરવામાં આવશે. બેન્ચે જણાવ્યું હતું કે, "આ પ્રતિબંધ શૈક્ષણિક સંસ્થાઓને પણ લાગુ થશે. જેઓ બીમારીઓથી પીડાઈ રહ્યા છે તેમને કોઈ અસુવિધા ન થાય તેવા પ્રયાસો કરવા જોઈએ અને તેના માટે તમામ જરૂરી પ્રયાસો કરવા પડશે."

નૌકાદળ માટે 8 નેક્સ્ટ જનરેશન યુદ્ધ જહાજો ખરીદવા રૂ. 53,866 કરોડના કરાર

ચીનના વધતા જતા પ્રભાવ વચ્ચે હિંદ મહાસાગરમાં લડાયક ક્ષમતા મજબૂત કરવા બે સરકારી શિપબિલ્ડર્સ સાથે રક્ષા મંત્રાલયે રૂ. 53,000 કરોડથી વધુના કરાર કર્યા

આ પ્રથમ એવો પ્રોજેક્ટ છે જેમાં જહાજોની સંપૂર્ણ ડિઝાઇન ભારતીય નૌકાદળ દ્વારા કરવામાં આવી છે

નવી દિલ્હી, તા. 2 (PTI): રક્ષા મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે તેણે હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીનની વધતી જતી ઘૂસણખોરી અને પ્રવૃત્તિઓ વચ્ચે ભારતીય નૌકાદળની લડાયક ક્ષમતાને વધુ મજબૂત કરવા માટે 8 નેક્સ્ટ જનરેશન યુદ્ધ જહાજો (કોર્વેટ્સ) ની ખરીદી માટે બે સરકારી શિપબિલ્ડર્સ સાથે રૂ. 53,866 કરોડના કરાર કર્યા છે.

આ કરાર ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (જીઆરએસઈ) અને ગોવા શિપયાર્ડ લિમિટેડ (જીએસએલ) સાથે કરવામાં આવ્યા છે. રક્ષા મંત્રાલયના જણાવ્યા અનુસાર, કરાર હેઠળ જીઆરએસઈ પાંચ યુદ્ધ જહાજોનું નિર્માણ કરશે, જ્યારે બાકીના ત્રણ યુદ્ધ જહાજોનું નિર્માણ જીએસએલ દ્વારા કરવામાં આવશે. આ પ્રોજેક્ટ દેશની સ્વદેશી યુદ્ધ જહાજ ડિઝાઇન અને નિર્માણ ક્ષમતાઓમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, કારણ કે આ પ્રથમ એવો પ્રોજેક્ટ છે જેમાં જહાજોની સંપૂર્ણ ડિઝાઇન ભારતીય નૌકાદળ દ્વારા કરવામાં આવી છે.

આ યુદ્ધ જહાજો એડવાન્સ મિસાઇલો, શસ્ત્રો અને સેન્સર સિસ્ટમથી સજ્જ હશે, જે તેમને હવાઈ, સપાટી અને સબ-સરફેસ ક્ષેત્રોમાં જટિલ મિશન પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે આ શિપબિલ્ડિંગ સેક્ટરને મોટો વેગ આપશે અને આગામી 10 વર્ષોમાં શિપયાર્ડ્સ અને સંલગ્ન એમએસએમઈ ઉદ્યોગોમાં લાખો માનવ-દિવસોની રોજગારી ઊભી કરશે. તેમણે ઉમેર્યું કે આ પ્રોજેક્ટ સંરક્ષણ ઉત્પાદનમાં 'આત્મનિર્ભર ભારત' અને 'મેક-ઈન-ઈન્ડિયા' તરફનું એક મોટું પગલું છે. આ જહાજોના આગમનથી સમુદ્રી વેપાર માર્ગોની સુરક્ષા, એન્ટિ-સબમરીન કામગીરી અને દરિયાઈ સર્વેલન્સ મિશનમાં નૌકાદળની ક્ષમતામાં મોટો વધારો થશે.

EDએ સુભાષ ચંદ્રા સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો

ચંદ્રાએ લોન મેળવવા પોતાની મિલકતો વધારીને દર્શાવી હોવાની LICHFLની ફરિયાદના આધારે સીબીઆઇએ નોંધેલા કેસના આધારે ઇડીએ કેસ દાખલ કર્યો

નવી દિલ્હી, તા. 2 (PTI): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરોટ(ED)એ લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (LICHFL) ને ૧,૩૨૨ કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડનારા કથિત લોન કૌભાંડ સંબંધિત મામલામાં મીડિયા મહારથી સુભાષ ચંદ્રા સામે મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, CBIની FIRની નોંધ લઈને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(PMLA) હેઠળ આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ આરોપોનો જવાબ આપતા, ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝિસ લિ.ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ED એ સુભાષ ચંદ્રા સામે વ્યક્તિગત ક્ષમતામાં કેસ નોંધ્યો છે અને તેનો કંપની કે તેના કામકાજ સાથે કોઈ સંબંધ નથી. પ્રવક્તાએ જણાવ્યું કે કંપની સ્પષ્ટ કરવા માંગે છે કે આ બાબતો ડૉ. સુભાષ ચંદ્રા અને પ્રમોટર સંસ્થાઓ સાથે સંબંધિત છે અને તેનો 'ઝી' અથવા તેની કામકાજ સાથે કોઈપણ પ્રકારે કોઈ સંબંધ નથી. CBIએ અગાઉ LICHFLની ફરિયાદના આધારે કેસ નોંધ્યો હતો, જેના આધારે ED એ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે.

CBIની FIRનો ભાગ બનેલી LICHFLની ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ચંદ્રાએ ૯૮૦ કરોડ રૂપિયાની કુલ બે લોનની મંજૂરી અને વિતરણ મેળવવા માટે તેમની કુલ સંપત્તિ વધારીને દર્શાવી હતી. LICHFLની ઓગસ્ટની ફરિયાદ મુજબ, આ લોનની ચૂકવણી ન થવાને કારણે ૧,૩૨૨ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. LICHFL તે લેણદારોમાંની એક હતી જેણે નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ(NCLAT) સમક્ષ

...અનુસંધાન પાના 15 પર

પાંચ રાજ્યોમાં SIR બાદ મતદારોની સંખ્યામાં 2.29 કરોડનો મોટો ઘટાડો

યુપી, ઉત્તરાખંડ અને પંજાબ સહિતના રાજ્યોમાં કુલ મતદારો 12.2 ટકા ઘટ્યા. આ પાંચ રાજ્યોમાં ટૂંક સમયમાં યોજાશે વિધાનસભા ચૂંટણી

નવી દિલ્હી, તા. 2 (PTI): દેશમાં ટૂંક સમયમાં યોજાનારી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ અગાઉ મતદાર યાદીની ખાસ ગહન સમીક્ષા એટલે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પૂર્ણ થયા બાદ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા, પંજાબ અને મણિપુરમાં કુલ મતદારોની સંખ્યામાં 13.24 ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

ચૂંટણી પંચ અને રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના અંકડાઓ અનુસાર, આ પાંચેય રાજ્યોમાં એસઆઈઆર પ્રક્રિયા હાથ ધરાયા પહેલા કુલ મતદારોની સંખ્યા 18.71 કરોડ હતી, જે આખરી યાદી બાદ ઘટીને 16.43 કરોડ રહી ગઈ છે. આ રીતે કુલ મતદાર મંડળમાં લગભગ 2.29 કરોડ એટલે કે 12.2 ટકાનો ચોખ્ખો ઘટાડો નોંધાયો છે.

ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે હાલમાં ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનથી બાકી રહી ગયેલા

...અનુસંધાન પાના 15 પર

ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ મતદારો ઘટ્યા

દેશમાં સૌથી વધુ મતદારો ધરાવતા ઉત્તર પ્રદેશમાં આ ઘટાડાનો સૌથી મોટો હિસ્સો રહ્યો છે. સમગ્ર ઘટાડામાંથી લગભગ 90 ટકા હિસ્સો માત્ર ઉત્તર પ્રદેશનો છે. યુપીમાં એસઆઈઆર અગાઉ કુલ 15.44 કરોડ મતદારો હતા, જે ડ્રાફ્ટ રોલ દરમિયાન ઘટીને 12.56 કરોડ થયા હતા અને બાદમાં અંતિમ યાદી પ્રસિદ્ધ થઈ ત્યારે આ આંકડો 13.40 કરોડ પર સ્થિર થયો હતો. યુપીમાં બીજા તબક્કામાં આ પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં કુલ 2.04 કરોડ એટલે કે

...અનુસંધાન પાના 15 પર

અન્ય રાજ્યોમાં પણ ઓછાવત્તા અંશે આવી જ સ્થિતિ જોવા મળી છે

પંજાબ: પંજાબમાં ત્રીજા તબક્કામાં એસઆઈઆરની પ્રક્રિયા કરાઈ હતી જેમાં મતદારોની સંખ્યા 2.15 કરોડથી ઘટીને આખરી યાદીમાં 2.01 કરોડ થઈ હતી, એટલે કે કુલ 0.14 કરોડ (6.34 ટકા)નો ચોખ્ખો ઘટાડો થયો છે. પંજાબમાં રિકવરી સૌથી મજબૂત રહી હતી અને રદ કરાયેલા નામોમાંથી અંદાજે 34 ટકા નામો પાછા ઉમેરાયા હતા.

ઉત્તરાખંડ: અહીં પણ ત્રીજા તબક્કામાં એસઆઈઆર યોજાયું હતું જેમાં મતદારો 0.80 કરોડથી

...અનુસંધાન પાના 15 પર